હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સાહેબને વિઝીન આપ્યા લો હવે... બધાને વીઝા લેવાનું સરળ કરી દિધુ...!!

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ચાંદખેડા ખાતે આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતાં.

મીનાબજારમાં શાકભાજી વેચતી મહિલાનું પાકીટ ચોરનાર બે ઝડપાયા

સે-૭ પોલીસે ગણતરીના સમયમાં ચોરીનો ભેદ ઉકેલી દીધો, રૂ.૨.૪૫ લાખનો મુદ્દામાલ રીકવર કરી વધુ તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા.૨૪

શહેરના મીનાબજારમાં શાકભાજી વેચતી મહિલા બપોરે ચા લઈને પરત ફરી ત્યાં સુધીમાં સોના-ચાંદીના દાગીના અને રોકડા રૂપીયા મુકેલ પર્સની ગણતરીની મીનીટમાં ચોરી થઈ ગયું હતું. સેકટર-૭ પોલીસ મથકે મહિલાએ રૂ.૨.૪૫ લાખના પર્સની ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે પાકીટ ચોરી મુદ્દે પોલીસે બે આરોપીઓને પકડી પાડી મુદ્દામાલ રીકવર કરી ગણતરીના સમયમાં ચોરીનો ભેદ ઉકેલી દીધો હતો.

મળતી વિગત મુજબ મુળ અમદાવાદના રાયપુરની રહેવાસી અને હાલ શહેરના મીનાબજારની પાછળ કાચા છાપરામાં છેલ્લા ત્રણ વર્ષથી પતિ અને દિકરી સાથે સંગીતા સાગરભાઈ ચુનારા રહે છે. જયારે મીનાબજાર ખાતે નાગરીક બેંકની સામે શાકભાજીની લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગતરોજ સંગીતાના પતિ બહારગામ ગયા હોવાથી ઘરે કોઈ ન હતું. જેથી મહિલા સોના-ચાંદીના દાગીના અને રોકડા ભરેલુ પર્સ લારી પર સાથે લઈને આવી હતી. જયારે બપોરના સમયે ચા લેવા માટે મહિલા ગઈ હતી.તે સમયે મહિલાના પર્સની ચોરી થઈ હતી. ચા લઈને પરત ફરેલી મહિલાએ જોયુ તો પર્સ ચોરી થઈ હોવાનુ માલુમ પડ્યું હતું. મહિલાના પર્સમાં બે તોલાની એક સોનાની ચેઈન, બે તોલાની કાનમાં પહેરવાની એક જોડ બુટ્ટી, ચાંદીનુ ૫૦ ગ્રામ મંગળસુત્ર તેમજ રૂ.૨૨ હજાર રોકડા હતા. મહિલાએ પર્સ અંગે આસપાસના લારીધારકો સહિતની પુછપરછ કરી શોધખોળ આદરી હતી.

પરંતુ સોના-ચાંદી અને રૂપીયા ભરેલા પર્સની કોઈ ભાળ મળી ન હતી.

જેથી મહિલાએ સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. જેથી પોલીસે વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી દીધી હતી. જયારે પોલીસને મળેલી બાતમીને આધારે મહિલાના પર્સની ઉઠાંતરી કરનાર યાસીન મહમંદ ઈબ્રાહીમભાઈ ખોજાણી (રહે જૈન દેરાસર પાછળ પેથાપુર) ને પકડી પાડ્યો હતો. જયારે પર્સની ઉઠાંતરી કરનાર શખ્સ મહિલાની શાકભાજીની લારીની પાસે સીંગચણાનો વેપાર કરે છે.

જેથી મહિલા ચા લેવા માટે ગઈ તે સમયે તક જોઈ પર્સની ચોરી કરી હતી.પેથાપુર જીઈબી ગેટની સામે રહેતા મિત્ર જીતેન્દ્ર જયંતિ શ્રીમાળીને ચોરીનો મુદ્દામાલ રાખવા માટે આપ્યો હતો.જેથી ચોરીનો મુદ્દામાલ રીકવર કરી જીતેન્દ્રને પણ પોલીસે પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર તાલુકામાં આજે સવારે ૧ મી.મી. વરસાદ થયા બાદ બફારો વધી જવા પામ્યો હતો.

● ગાંધીનગર શહેરમાં હાલ ચાલી રહેલી પ્રિ.મોન્સુનની સફાઈ કામગીરી યોગ્ય રીતે નહિ થતી હોવાની ચર્ચા લોકજીભે છે.

● ગાંધીનગર રાંધેજા માર્કેટયાર્ડની પાછળ જુગાર રમતા ૮ ઈસમોને પોલીસે ઝડપી લીધા છે.

● સરકારી વિજ્ઞાન કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ સેમે.૪ ના પરિણામમાં ટોપ-૫૦માં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શ્રધ્ધા ઝાલા, રીના બારડ અને આયુષી બારૈયાએ ૮૦ ટકાથી વધુ ગુણાંક પ્રાપ્ત કરી આ ગૌરવ અપાવ્યુ છે.

● પેથાપુરના અચલેશ્વર મહાદેવનો ૯૬મો પાટોત્સવ ૨૬મીના રોજ યોજાશે.

● દહેગામ તાલુકાના બહિયલ ગામના ઈન્દિરાનગર પાસે આવેલ કચરામાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળતાં ગામમાં ચકચાર મચી જવા પામી છે.

● દહેગામના વાસણાચૌધરી શાળાના આચાર્યની શિક્ષક ગૌરવ સન્માન માટે પસંદગી થઈ.

● સાંતેજ પોલીસે નાંદોલી ગામે રહેણાંકના મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડ્યો.

● ગાંધીનગરમાં જમીનના મનદુઃખને લઈ આધેડને મારી નાખવાની ધમકી મળ્યાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

● મીનાબજારમાં થયેલ પર્સની ઉઠાંતરીનો ભેદ પોલીસે ઉકેલી બે આરોપીઓને ઝડપી લીધા છે.

● ગાંધીનગર શહેરમાં અકસ્માતોના વધતા જતા બનાવોએ તંત્રની ચિંતા વધારી છે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારની સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વધી છે.

● ગાંધીનગર શહેરમાં સે. ૨૨માં રેતીના ઢગલાઓને કારણે પાણી ભરાઈ રહેવાથી ગંદકીનો ભય ઉભો થયો છે.

● જી.એમ.સી, જિલ્લા પંચાયત, પંચાયત પરિષદ સહિતના સંકુલોની ગટરો ઉભરાવાની ફરિયાદ પછી ઉકેલ ન આવતાં કર્મચારીઓમાં રોષની લાગણી જન્મી છે.

● ગાંધીનગર જિલ્લામાં ૨૭મીએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ નોંધાશે તેવુ હવામાન પૂર્વાનુમાન છે.

● ગાંધીનગરમાં જાહેર પાર્કિંગની સમસ્યા ઘેરી બની રહી છે.

● ગ્રીનક્રોસ અને સ્કાય સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ દ્વારા દર બીજા ચોથા શનિવારે લોહી તપાસના કેમ્પ ખાસ વળતર સાથે યોજવામાં આવનાર છે.

આઈએઆર યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

તાજેતરમાં ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન ખાતે આઉટકમ બેઝડ એજ્યુકેશન વિષય પર ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો શુભારંભ થયો હતો. પ્રોગ્રામનું ઉદ્ઘાટન પ્રોફેસર આર.જી. કોઠારી, ભૂતપૂર્વ વાઈસ ચાંસેલર વીર નર્મદ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું હતું.

સમારંભની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય પ્રો. આર.જી. કોઠારી, એક્ટિંગ પ્રોવોસ્ટ ડૉ. મનિષ શર્મા, રજીસ્ટ્રાર ડૉ. મનિષ પરમાર, ડીન રીસર્ચ પ્રો. આનંદ તિવારી તથા ડાયરેક્ટર આઈક્યુએસી ડૉ. રોલી મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રો. આર.જી. કોઠારી તેમના ઉદ્બોધનમાં ક્વોલિટી રીસર્ચ, સંશોધનમાં નૈતિકતા, પબ્લિકેશન, રીસર્ચ કઈ રીતે સારૂ કરવું જેવા મુદ્દાઓ પર ભાર મુક્યો હતો. આ પ્રોગ્રામમાં ૮૦થી વધુ પ્રાધ્યાપકો તથા રીસર્ચ સ્કોલરોએ ભાગ લીધો હતો. જેમાં અનેકવિધ એક્સપર્ટ પોતાના મંતવ્યો પરિણામ આધારિત શિક્ષણ-અધ્યયન પ્રથાઓ અને સંશોધન પર રજુ કર્યા હતા.

ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામના સમાપનમાં ડૉ. જયેશ પૂજારા દ્વારા સમાપન તા. ૨૦ જૂન, ૨૦૨૩ના દિવસે કરવામાં આવ્યું હતું. ડૉ. જયંત પુજારા દ્વારા પણ રીસર્ચને પ્રોત્સાહન આપવા માટે દરેક પ્રતિયોગિતાને જણાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પ્રોફેસર રાવ ભામિદિમારીના માર્ગદર્શન હેઠળ તથા એક્ટિંગ પ્રોવોસ્ટ ડૉ. મનિષ શર્મા અને રજીસ્ટ્રાર ડૉ. મનિષ પરમારના સહયોગથી પ્રોગ્રામ કન્વીનર ડૉ. સત્યેન્દ્ર મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું.

આવતા સપ્તાહમાં ગાંધીનગર સિવિલમાં સેવા કેન્દ્રનો પ્રારંભ થશે

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક વિભાગ અને નવી બિલ્ડીંગમાં ઓપીડી વિભાગમાં ઉભા કરાયેલા સેવા કેન્દ્રનો આગામી સપ્તાહમાં પ્રારંભ થાય તેવી શકયતાઓ છે. આ સેવા કેન્દ્ર દ્વારા દિવ્યાંગો, સિનિયર સિટીઝનો અને સગર્ભા મહિલાઓને અગ્રીમતા આપવામાં આવશે. જયારે સેવા કેન્દ્ર પર હાજર કર્મચારી દ્વારા હોસ્પિટલની તમામ માહિતી એક જ સ્થળ પરથી મળી રહેશે. ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં આરોગ્યલક્ષી સુવિધાઓમાં વધારો જોવા મળી રહ્યો છે.

કેમ્પસમાં હાલ સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલ અને ટ્રોમાં સેન્ટરનું કામ પુરજોશમાં ચાલુ છે. જયારે એમઆરઆઈ મશીન પણ કાર્યરત થવાને ગણતરીના સમય બાકી છે. હોસ્પિટલનો તાત્કાલકી વિભાગ રાત દિવસ ધમધમતો રહે છે. ત્યારે ઓપીડી અને ૬૦૦ બેડની હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહેતા દર્દીઓનો ધસારો સિવિલમાં રહે છે.ત્યારે સિવિલ તંત્ર દ્વારા તાત્કાલીક વિભાગ અને ૬૦૦ બેડની હોસ્પિટલના ભોંયતળીયે ઓપીડી શરુ કરવામાં આવી છે. આ બંન્ને સ્થળો પર હાલ સેવા કેન્દ્ર (સર્વિસ ડેસ્ક) ઉભા કરવામાં આવ્યા છે. આ ડેસ્ક પર રાત દિવસ કર્મચારી હાજર રહેશે. સિવિલમાં આવતા દર્દીઓ તેમજ સગાઓને ડોકટર્સ, દવાઓ, ટેસ્ટ, દાખલ દર્દીઓ અંગે, તેમજ ઉપલબ્ધ સેવાઓ જેવી કે વ્હીલચેર એમ્બ્યુલન્સ સહિતની માહિતી પુરી પાડશે. આ સેવા કેન્દ્ર દ્વારા દિવ્યાંગો, વૃધ્ધો તેમજ સગર્ભા મહિલાઓને અગ્રીમતા આપવામાં આવશે.ગાંધીનગર સિવિલમાં તૈયાર થયેલા બે સેવાકેન્દ્રનો આગામી સપ્તાહમાં પ્રારંભ કરવામાં આવે તેવી શકયતાઓ છે.

સેકટર-૩૦ કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓને ફાયરની તાલિમ અપાઈ

શહેરની સેકટર-૩૦ સ્થિત કેન્દ્રીય વિદ્યાલયના ૬૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોને તેમજ શિક્ષકગણ, સ્ટાફના કર્મચારીઓને ફાયરની પ્રાથમિક તાલિમ આપવામાં આવી હતી. જેમાં આગ લાગી હોય તે સમયે અગ્નિશામક સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો તેનુ નિદર્શન કરાયું હતું.

પીડીપીયુ રોડ પર બે કાર સામ સામે ટકરાઈ : કાર ચાલકોનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૨૪

આજે બપોરના સમયે પીડીપીયુ માર્ગ પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં એક ચાલકે સ્ટીયરીંગ પરના કાબુ ગુમાવતા કાર ખાડામાં ઉતરી જઈને ખેતરમાં ઘુસી ગઈ હતી.જયારે બીજી કાર વિરુદ્ધ દિશાના રોડ પર ટકરાઈને ઉભી રહી ગઈ હતી. આ બનાવમાં કાર ચાલકનો આબાદ બચાવ થયો છે. ઈન્ફોસીટી પોલીસે સ્થળ પર જઈ વધુ તપાસ હાથ ધરી હતી.

મળતી વિગત મુજબ ગાંધીનગર-કોબા માર્ગ પર ભાઈજીપુરા ચોકડી થી પીડીપીયુ સુધી મેટ્રો રેલની કામગીરી ધમધોકાર ચાલી રહી છે. ત્યારે આ માર્ગ પર મેટ્રો તંત્ર દ્વારા બોર્ડ મુકી રસ્તો બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવ્યા છે. ત્યારે આ માર્ગ પર આવેલી મોટી ઈમારતોમાં પાર્કીગ હોવા છતા ગાડીઓ રોડ પર ખડકલો જોવા મળે છે.તો બીજીતરફ ખાણીપીણીની લારીઓ પણ ખુબ જ મોટી સંખ્યામાં છે. જેને પગલે આ વિસ્તારમાં પણ ટ્રાફિકની સમસ્યામાં વધારો જોવા મળ્યો છે. ત્યારે આ માર્ગ પર નાના મોટા અકસ્માત બનતા રહે છે. ત્યારે આજે બપોરના સમયે બ્રિજ તરફથી આવતી કાર અન્ય સામેથી આવી રહેલી કાર સાથે ટકરાઈ હતી. જેથી એક કારના ચાલકે કાબુ ગુમાવતા કાર ખાડામાં ઉતરીને સીધી ખેતરમાં સુધી ગઈ હતી. જયારે અકસ્માત કરનાર કાર વિરુધ્ધ દીશામાં જઈને ટકરાઈ હતી. જેથી બંન્ને કારને ભારે નુકશાન થયું હતું. જયારે કાર ચાલકોનો આબાદ બચાવ થયો હતો. જો કે અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો સ્થળ પર દોડી આવ્યા હતા. જયારે બનાવની જાણ થતા ઈન્ફોસીટી પોલીસના જવાનો પણ સ્થળ પર આવીને તપાસ હાથ ધરી હતી.

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં પરિચય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શનિવારના રોજ નવા સત્રના પ્રારંભે શાળામાં પ્રવેશ મેળવનાર ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન શાળાના શિક્ષકગણ દ્વારા વાલીઓને શાળાના સમગ્ર વાતાવરણથી પરિચિત કરવામાં આવ્યાં હતા.

તેમજ શાળાના આચાર્ય દ્વારા પ્રાસંગીક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની સરગાસણ પ્રાથમિક શાળા ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ૨૭૧ વિદ્યાર્થીઓ, ૯ શિક્ષકો, શાળા સંચાલન સમિતિના પાંચ સભ્યો ગામના અગ્રણીઓએ ભાગ લીધો હતો.

કોલેરાગ્રસ્ત કલોલ અંગે પુછપરછ કરતા અમીત શાહ

ગાંધીનગર,તા.૨૪

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહે ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ઉદભવેલા કોલેરાના રોગચાળાને શરૂઆતમાં જ નાથવા ત્વરિત પગલાંઓ લેવા તાકીદ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસથી કલોલ ખાતે પાણીજન્ય રોગ કોલેરાના કેસો સામે આવ્યા છે. આ બાબતે અમિતભાઇ શાહે પરિસ્થિતિનો તાગ મેળવી રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશભાઇ પટેલ સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત શાહે જિલ્લા કલેકટર સહિત સમગ્ર તંત્રને આ રોગચાળાને ત્વરિત નિયંત્રણમાં લેવા સૂચના આપી હતી.

વસાન નોંધ

નયન શરદકુમાર રાવલનુ દુખદ તા ૨૪ જુનના રોજ દુખદ અવસાન થયુ છે સદગતનુ બેસણુ તા ૨૬ જુન સોમવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન પ્લોટ નં - ૪૭૯ :૧ સે-૨૮ ખાતે રાખવામાં આવ્યુ છે.

આજે સંસ્કાર ગ્રુપ દ્વારા વિવિધ રમત-ગમતનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

સંસ્કાર ગ્રુપ દ્વારા રવિવારે બાળકો માટે વિવિધ અભ્યાસને લગતી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. જેમાં પોતાના નામના પ્રત્યેક અક્ષર પરથી એક-એક વાક્ય બનાવવું જેમાં ગામ, શહેર, દેશનું નામ, વસ્તુના નામ વગેરેનો ઉલ્લેક કરવો. આ સહિત અન્ય પ્રવૃત્તિઓ પણ યોજાશે. જેનું આયોજન સે. ૭ બગીચામાં સવારે ૯ થી ૧૦ વાગે કરવામાં આવ્યું છે.

બીએસએફ ગાંધીનગર દ્વારા રેલી યોજાઈ

બીએસએફ ગાંધીનગર દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 53 BN, 194 BN, SHQ અને FTR HQ ના પ્રહરીસ અને મહિલા પ્રહરિસે ડ્રગ એબ્યુઝ અને ગેરકાયદેસર હેરફેર સામેના આંતરરાષ્ટ્રીય દિવસને ચિહ્નિત કરવા ભાગ લીધો હતો. જેની ઉજવણીના ભાગરૂપે આયોજિત આ રેલી આલમપુર, શિહોલી અને ચિલોડાની આસપાસના વિવિધ વિસ્તારમાં નીકળી હતી. જેમાં ગ્રામવાસીઓ અને યુવાનોમાં ડ્રગ્સના જોખમ સામે જાગૃતિ લાવવા અંગેનો સંદેશ આપવામાં આવ્યો હતો.

શ્રી છેડાલ પરગણા વણકર સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૪

લંડનમાં એલ.એલ.એમ. માસ્ટર ઓફ લો ઈન્ટરનેશનલ લીડ્સ બેકેટ. યુનિવર્સિટી. હુમન રાઈટ્સ પ્રેક્ટિસ પરીક્ષામાં પ્રથમ નંબર હાંસિલ કરી વિજેતા પ્રાપ્ત કરી ભારત દેશનું અને ગુજરાત રાજ્યનું ગૌરવ વધાર્યું છે. ગાંધીનગર જિલ્લાના મગોડી ગામના વતની અને હાલ ગાંધીનગર સેકટર - ૫. માં રહેતા શ્રી છેડાલ પરગણા વણકર સમાજના (અનુસુચિતજાતિ) સમાજના બાબુભાઇ રામાભાઇ પરમારની સુપુત્રી પીકીબેનના લગ્ન એક વર્ષ અગાઉ વડોદરા ખાતે રહેતા દિનેશભાઇ મકવાણા સાથે કરવામાં આવેલ હતા. હાલ પીકીબેન તેમના પતિ



દિનેશકુમાર મકવાણાનાં પરીવાર સાથે હાલમાં લંડનમાં રહેતા પીકીબેન મકવાણાએ ઈન્ટરનેશનલ હુમન રાઈટ્સ પ્રેક્ટિસ લેવલ ૭. ૨૦૨૩. એલ. એલ. એમ. માસ્ટર ઓફ લો. ઈન્ટરનેશનલ. લીડ્સ બેકેટ. યુનિવર્સિટી લંડનમાં ઉચ્ચકક્ષા સાથે ડીગ્રી હાંસલ કરેલ છે. પીકી મકવાણાએ ઈન્ટરનેશનલ લંડન પરિક્ષામાં પ્રથમ નંબર ઉત્તર્ણીય વિજેતા થયેલ છે. જેને ગાંધીનગર જિલ્લાના મગોડી ગામનું ગૌરવ વધાર્યું છે. તેમજ શ્રી છેડાલ પરગણા વણકર સમાજનું ગૌરવ વધાર્યું છે. સાથે સાથે ભારત દેશનું અને ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યું છે. ભારત દેશમાં અનુસુચિતજાતિ સમાજમાં આવી નામના મેળવનાર ગાંધીનગર જિલ્લા અને દહેગામ તાલુકાના શ્રી છેડાલ પરગણા વણકર સમાજનું ગૌરવ વધાર્યું તે બદલ સમગ્ર અનુસુચિતજાતિ સમાજને શુભેચ્છાઓ પાઠવી છે.